Seat No. : ______________

# MA-105

**March-2025**

**M.Com., Sem.-III**

**501 (New) : Taxation – 1**

**(Personal Tax Planning)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. શ્રી મોહન ચંદન બાંગ્લાદેશના નાગરિક છે. જેમનો જન્મ વર્ષ 1972માં ઢાકામાં થયો હતો. પાછલા વર્ષ 2023-2024 સહિત છેલ્લા 10 વર્ષથી તેઓ દર વર્ષે ભારતની નિયમિત મુલાકાત લે છે. ધારો કે છેલ્લા 10 વર્ષમાં તેઓએ ભારતની મુલાકાત નીચે દર્શાવેલ મહિનાઓમાં કરી હોય તો : **14**
   - (a) સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર
   - (b) ઓક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર
   - (c) સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર

   તેમનો આ.વ. 2024-2025 માટે રહેઠાણનો દરજ્જો ઉપરોક્ત દર્શાવેલ ત્રણ વિકલ્પ માટે નક્કી કરો. કર-આયોજનની દૃષ્ટિએ ઉપરોક્ત કયો વિકલ્પ શ્રેષ્ઠ ગણાય ?

**અથવા**

1. (A) કર-અવગણના અને કર-ચોરી વચ્ચેનો તફાવત સમજાવો. **7**

1. (B) ઉદાહરણની મદદથી નાણાકીય વર્ષ 2023-2024 માટે લાગુ પડતી આવક-વેરા ગણતરીના જૂના માળખા અને નવા માળખા વચ્ચેના તફાવતને વિગતવાર સમજાવો. **7**

2. શ્રી રાજુ વડગામાની નીચેની માહિતી પરથી તેમની પગારની કરપાત્ર આવક અને કલમ 80C હેઠળ ઉપલબ્ધ કપાતની ગણતરી કરો અને તેમને આ.વ. 2024-2025 માટે જૂના આવકવેરા માળખા અથવા નવા આવકવેરા માળખામાંથી યોગ્ય માળખું અપનાવવાની સલાહ આપો : **14**
   - (1) ₹ 20,000ની આવકવેરાની કપાત અને માન્ય પ્રોવિડન્ટ ફંડમાં મૂળભૂત પગારના 15% મુજબ કર્મચારીની યોગદાનની રકમ બાદ કર્યા પછી મૂળભૂત પગાર ₹ 4,90,000 છે.
   - (2) મોંઘવારી ભથ્થું : મૂળભૂત પગારના 60% (જેના 50% નિવૃત્તિ લાભ માટે ગણાશે.)
   - (3) બોનસ : બે મહિનાનો પગાર
   - (4) કમિશન : દર મહિને ₹ 500
   - (5) બાળકનું શિક્ષણ ભથ્થું : ₹ 200 દર મહિને, બાળક દીઠ (ત્રણ બાળકો માટે)
   - (6) માલિકે તેમને રહેઠાણ માટે મકાનની સગવડ (બેંગ્લોરમાં) આપી છે જેની વાજબી ભાડાની રકમ ₹ 5,000 માસિક છે. માલિક દ્વારા ₹ 1,00,000ની કિંમતનું ફર્નિચર પણ આપવામાં આવેલ છે.

(7) માલિકે તેમને અંગત અને ઓફિસ બંને ઉપયોગ માટે ₹ 5,00,000ની કિંમતની મોટરકાર પણ આપી છે જેની 1600 cc થી વધુની ક્ષમતા છે.

(8) તેમણે વ્યવસાય વેરા તરીકે ₹ 2,400 અને જીવન વીમા પ્રીમિયમ તરીકે ₹ 30,000 ચૂકવ્યા છે.

(9) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનું યોગદાન શ્રી વડગામાના યોગદાન સમાન છે.

**અથવા**

2. (A) શ્રી આબીદ પીરઝાદાએ વર્ષ 2019માં એક રહેઠાણના મકાનનું બાંધકામ કરાવ્યું હતું. તેમના મકાન-ઘરનો 50% ભાગ ભાડે આપેલ છે અને 50% ભાગ સ્વ-વપરાશ માટે વપરાય છે. સ્વ-વપરાશનો ભાગ પણ ચાર મહિના માટે ભાડા પર આપવામાં આવેલ છે. ઘરની વિગતો નીચે મુજબ છે : **10**

| | | | |
|---|---|---|---|
| (1) | મ્યુનિસિપલ આકારણી | 5,80,000 | |
| (2) | મ્યુનિસિપલ કરવેરા | 20,000 | |
| (3) | જમીન ભાડું ચૂકવવાપાત્ર | 2,400 | |
| (4) | સમારકામ – પ્લમ્બિંગ કામ | 2,000 | |
| (5) | આગનું વીમા પ્રીમિયમ | 4,400 | |
| (6) | સોસાયટી વાર્ષિક વહીવટી ફાળો | 12,000 | |
| (7) | ભાડે આપેલ 50% ભાગનું મકાનનું ભાડું | 32,000 | p.m. |
| (8) | સ્વ-વપરાશ ભાગનું ભાડું-ચાર મહિના માટે ભાડા પર આપવામાં આવેલ છે. | 20,000 | p.m. |
| (9) | બાંધકામ માટે લીધેલ લોન પરનું વ્યાજ | 1,20,000 | |

આ.વ. 2024-2025 માટે શ્રી આબીદ પીરઝાદાની મકાન-મિલકતની કર-પાત્ર આવકની ગણતરી કરો.

2. (B) નાણાકીય વર્ષ 2024-2025 માટે લાગુ પડતી ગ્રેચ્યુઈટી અને પેન્શનની જોગવાઈઓ સમજાવો. **4**

3. શ્રી આકાશ વરુલે પાછલા વર્ષ 2024-2025 માટે તેમની મૂડી-મિલકતની અંગેની નીચેની વિગતો આપે છે : **14**

| વિગત | રહેઠાણનું મકાન | શહેરી જમીન | ઝવેરાત |
|---|---|---|---|
| તબદીલની તારીખ (વેચાણ) (અપેક્ષિત) | 01/01/2025 | 10/10/2024 | 15/07/2024 |
| વેચાણ કિંમત (₹) | 40,00,000 | 61,20,000 | 13,60,000 |
| ટ્રાન્સફર ખર્ચ (₹) | 1,89,900 | 39,100 | – |
| ખરીદીની તારીખ | 01/06/2001 | 20/09/2019 | 01/01/2017 |
| ખરીદી કિંમત (₹) | 6,00,000 | 5,52,000 | 3,00,000 |
| ખરીદી ખર્ચ (₹) | 1,00,000 | 30,000 | – |
| 31/07/2008ના રોજ થયેલ સમાકરામ ખર્ચ | 41,000 | – | – |
| નવા મકાનની ખરીદી (₹) | 50,00,000 | – | – |
| નવા મકાનની ખરીદીની તારીખ (અપેક્ષિત) | 20/02/2025 | – | – |

સંબંધિત ખર્ચ-ફુગાવા અંગેના સૂચક-આંક નીચે મુજબ છે : 2001-02 = 100, 2008-09 = 137, 2016-17 = 264, 2017-18 = 272, 2019-20 = 289, 2022-23 = 331, 2023-24 = 348 અને 2024-25 = 363

આકારણી વર્ષ 2025-26 માટે કરપાત્ર મૂડી-નફાની ગણતરી કરો અને તેમને સલાહ આપો કે કરવેરા આયોજનના દૃષ્ટિકોણથી આવકવેરા કાયદા હેઠળ મહત્તમ કર-મુક્તિ કેવી રીતે મેળવી શકાય ?

**અથવા**

3. ડૉ. હાર્દ શાહ અમદાવાદ ખાતે સર્જિકલ હોસ્પિટલ ધરાવે છે. તે તમને નાણાકીય વર્ષ 2023-2024ને લગતી નીચેની માહિતી આપે છે : **14**

| | | | ₹ |
|---|---|---|---|
| **(1)** | **હોસ્પિટલમાં રસીદો-આવક** | | |
| | (1) | તપાસ અંગે ફી | 14,00,000 |
| | (2) | ઓપરેશન અંગે શુલ્ક | 47,00,000 |
| | (3) | હોસ્પિટલની આવક (કુલ) | 5,50,000 |
| | (4) | દવાઓના પુરવઠાની ચોખ્ખી આવક | 80,000 |
| | (5) | દર્દીઓ તરફથી ભેટ (રોકડમાં) | 1,20,000 |
| **(2)** | **વર્ષ દરમિયાન ચુકવણી :** | | |
| | (1) | આવકવેરો ચૂકવવામાં આવ્યો (પા.વ. 2023-2024 માટે અગાઉથી ચૂકવેલ આવકવેરો અને TDS – મૂળ સ્થાનેથી કર-કપાત) | 12,20,000 |
| | (2) | હોસ્પિટલનો ખર્ચ | 25,00,000 |
| | (3) | અંગત ખર્ચ | 1,50,000 |
| | (4) | મોટર-કારની જાળવણી અને ઘસારો (1/4 માન્ય છે) | 6,00,000 |
| | (5) | સર્જીકલ યંત્રની ખરીદી (બેંક લોન દ્વારા) | 6,00,000 |
| | (6) | પબ્લિક પ્રોવિડન્ટ ફંડમાં ચૂકવણી | 1,50,000 |
| | (7) | મુસાફરી ખર્ચ | 1,50,000 |
| | (8) | સર્જીકલ યંત્ર માટે બેંક લોનનો હપ્તો (₹ 2,00,000 + વ્યાજ) | 2,28,000 |
| | (9) | જીવન વીમા પ્રીમિયમ (L.I.C.) પ્રીમિયમ | 60,000 |

(3) જીવન વીમા પ્રીમિયમ (L.I.C.) – તેમના પોતાના માટે ₹ 30,000, પુત્ર માટે ₹ 10,000 અને તેમની પત્ની માટે ₹ 20,000 ચૂકવવામાં આવેલ છે.

(4) મુસાફરીના ખર્ચમાં કૌટુંબિક તીર્થયાત્રા માટે ₹ 30,000 અને વિદેશમાં તેમના વિશિષ્ટ ધંધાકીય અર્થે પ્રવાસ માટે ₹ 1,20,000નો સમાવેશ થાય છે.

(5) તેમનો પુત્ર અને તેમની પત્ની બંને M.B.B.S. છે અને હોસ્પિટલના કામમાં નિયમિત હાજરી આપે છે અને બંનેને દર મહિને ₹ 30,000નો પગાર ચૂકવવામાં આવે છે, જે હોસ્પિટલના ખર્ચમાં સામેલ છે.

(6) હોસ્પિટલ મકાન અને સાધનો પર માન્ય ઘસારો ₹ 90,000.

તેમની કરપાત્ર વ્યવસાયિક આવક અને કલમ 80C હેઠળ કપાતની ગણતરી કરો. પા.વ. 2023-2024 માટે જૂના આવકવેરા માળખા અથવા નવા આવકવેરા માળખા મુજબ તેમની કરવેરાની જવાબદારીની પણ ગણતરી કરો.

4. (A) શ્રી રજનીકાંત અમીન તા. 1લી એપ્રિલ, 2023ના રોજ નીચેની જામીનગીરીઓ ધરાવે છે : **10**

(1) 1,00,000/- મેસર્સ ફ્લોટ એન્જિનિયરિંગ લિમિટેડના 10% નોન-લિસ્ટેડ ડિબેન્ચર્સ (વ્યાજની તારીખ 1લી જૂન અને 1લી ડિસેમ્બર દર વર્ષે)

(2) પટેલ એર-ટેમ્પટ લિમિટેડનું 2,00,000/- 8% ડિબેન્ચર (વ્યાજની તારીખ 15મી જૂન અને 15મી ડિસેમ્બર)

(3) 10,00,000/- 6% ગુજરાત સરકારની લોન. (વ્યાજની તારીખ 1લી જાન્યુઆરી)

(4) 3,00,000/- 6.5% કેન્દ્ર સરકારની લોન (વ્યાજની તારીખ 1લી જુલાઈ)

(5) 20,000/- 9% કરમુક્ત રાષ્ટ્રીય રાહત બોન્ડ. (વ્યાજ તારીખ 1લી જૂન છે)

(6) 1,00,000/- 5.75% RECLના બોન્ડ

(7) ઉપરોક્ત જામીનગીરી સિવાય, તા. 1લી જુલાઈ, 2023ના રોજ, તેમણે ₹ 2,00,000/- ની લોન 8% વાર્ષિક વ્યાજે લઈ અને નોન-લિસ્ટેડ રાજસ્થાન સરકાર લોનમાં, પંજાબ સરકારની જામીનગીરી અને આશુતોષ મર્કેન્ટાઈલ લિમિટેડના નોન-લિસ્ટેડ ડિબેન્ચરમાં રોકાણ કર્યું અને તા. 31મી માર્ચ, 2024ના રોજ વ્યાજ તરીકે અનુક્રમે ₹ 3,000/-, 7,000/- અને 9,000/- મેળવે છે.

- તા. 16મી જૂન, 2023ના રોજ, તેમણે પટેલ એર-ટેમ્પટ લિમિટેડના 2,00,000/- 8% ડિબેન્ચર વેચ્યા અને તા. 1લી નવેમ્બર, 2023ના રોજ, તેમણે ફ્લોટ એન્જિનિયરિંગ લિમિટેડના 50,000/- 10% નોન-લિસ્ટેડ ડિબેન્ચર વેચ્યા.
- તેમણે જામીનગીરી પર વ્યાજની ચોખ્ખી રકમ વસૂલવા માટે બેંકને 1.5% કમિશન ચૂકવ્યું છે.

આ.વ. 2024-2025 માટે શ્રી રજનીકાંત અમીનની અન્ય સ્ત્રોતોમાંથી મળતી કરપાત્ર આવક નક્કી કરો.

4. (B) ટૂંકનોંધ લખો : એડવાન્સ ટેક્સ – અગાઉથી ચૂકવવાપાત્ર વેરો **4**

**અથવા**

4. (A) શ્રી કૃષ્ણવદન ખુમાનના કિસ્સામાં, તમારે આ.વ. 2024-2025 માટે નીચેની વિગતો પરથી કલમ 234A, 234B અને 234C હેઠળ વ્યાજની ગણતરી કરવાની છે : **10**

કુલ આવક પર વેરો ₹ 2,00,000 છે.

આવક-વેરાનું રિટર્ન જમા કરવાની નિયત તારીખ 30-9-2024;

રિટર્ન ફાઈલ કરવાની વાસ્તવિક તારીખ 1-10-2024 અને

આવકવેરો તા. 25-9-2024ના રોજ ચૂકવવામાં આવ્યો ₹ 2,00,000

4. (B) ટૂંકનોંધ લખો : વ્યાજ માફ કરવાની મુખ્ય કમિશનરની સત્તા. **4**

5. આપેલ વિકલ્પમાંથી યોગ્ય જવાબ પસંદ કરો : (કોઈપણ **સાત**) **14**

(1) આવકવેરો ________ દ્વારા વસૂલવામાં આવે છે.

(a) સ્થાનિક સત્તાધિકારી (b) રાજ્ય સરકાર

(c) કેન્દ્ર સરકાર (d) ઉપરોક્ત તમામ

(2) ભારતમાં ચલાવવામાં આવતા ધંધા-વ્યાપારમાંથી મેળવેલી અને પ્રાપ્ત થયેલી આવક પણ એ ધંધાનું સંચાલન વિદેશથી કરવામાં આવે છે તે આવક __________ માટે કર-પાત્ર આવક છે.

(a) માત્ર સામાન્ય રહીશ

(b) માત્ર રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ

(c) માત્ર બિન-રહીશ

(d) ઉપરોક્ત તમામ

(3) "કરદાતા તેની આવક-વેરા જવાબદારીને એવી રીતે આયોજન કરે છે કે તે આવકવેરા કાયદાની તમામ જોગવાઈઓનો મહત્તમ લાભ મેળવી શકે" – તે ________ તરીકે ઓળખાય છે.

(a) કર આયોજન (b) કરચોરી

(c) કર અવગણના (d) કરવેરા સંચાલન

(4) ડિરેક્ટર જે તે જ કંપનીના કર્મચારી પણ હોય તો તેને મળેલ કમિશનની કરપાત્રતા ______ પ્રમાણે કરવામાં આવે છે.

(a) અન્ય સ્ત્રોતોમાંથી આવક (b) પગારની આવક

(c) ધંધા અને વ્યવસાયની આવક (d) મૂડી-લાભ/મૂડી-નફો

(5) શ્રી સત્યમ ગજ્જરે 10મી ફેબ્રુઆરી, 2014ના રોજ મકાન અંગે લોન લીધી હતી. વર્ષ 2021માં, તેમણે સમારકામ માટે વધારાની લોન લીધી હતી. મકાન-મિલકતની આવકના શીર્ષક હેઠળ વ્યાજની કપાતની મહત્તમ માન્ય રકમ કેટલી થાય ?

(a) ₹ 2,00,000 અને ₹ 30,000 (b) ₹ 30,000 અને ₹ 30,000

(c) ₹ 1,50,000 અને ₹ 30,000 (d) ₹ 1,50,000 અને ₹ 2,00,000

(6) ઘર-ભાડાની આવકના શીર્ષક હેઠળ, વસુલ ન આવેલ ભાડું ________ રકમમાંથી કપાત થાય છે.

(a) વાર્ષિક ભાડું (b) વાજબી ભાડું

(c) ચોખ્ખું (નેટ) વાર્ષિક મૂલ્ય (d) ગ્રોસ વાર્ષિક મૂલ્ય

(7) નાણાકીય વર્ષ 2023-2024 દરમિયાન, મૂડી-મિલકત તરીકે સોનું, ________ કરતાં વધુ સમય માટે રાખવામાં આવે છે તો તેને લાંબાગાળાની મૂડી મિલકત તરીકે ગણવામાં આવે છે.

(a) 36 મહિના (b) 12 મહિના

(c) 24 મહિના (d) 60 મહિના

(8) મૂડી-નફાના શીર્ષક હેઠળ, કલમ 54B મુજબ કર-મુક્તિની રકમનો દાવો કરવા માટે, નવી ખેતીની જમીન ________ ખરીદવી જોઈએ.

(a) તબદીલની તારીખથી 1 વર્ષની અંદર

(b) તબદીલની તારીખથી 2 વર્ષની અંદર

(c) તબદીલની તારીખથી 3 વર્ષની અંદર

(d) તબદીલની તારીખથી 4 વર્ષની અંદર

(9) ઓછા-કરવેરાવાળી સરકારી જામીનગીરી પરનું વ્યાજ ________ છે.

(a) સંપૂર્ણપણે કર-મુક્ત (b) અંશતઃ કરપાત્ર અને અંશતઃ કર-મુક્ત

(c) સંપૂર્ણપણે કરપાત્ર (d) ઉપરોક્તમાંથી કોઈ નહીં

(10) ધંધા-વ્યવસાયના નફાની ગણતરી કરતી વખતે વાસ્તવિક ચુકવણીના આધારે નીચેનામાંથી કયો કર માન્ય ગણાય છે ?

(a) માલ-સેવા વેરો (b) કસ્ટમ ડ્યુટી

(c) આબકારી જકાત (d) ઉપરોક્ત તમામ

(11) નાણાકીય વર્ષ 2024-25 માટે શ્રી હિતેન્દ્ર શાહની કુલ અંદાજિત આવકવેરાની જવાબદારી ₹ 2,40,000 છે. તેમની અગાઉથી ચુકવવાપાત્ર કરવેરા (એડવાન્સ ટેક્સ)ની બીજા હપ્તાની જવાબદારી શું હશે ?

(a) ₹ 1,08,000 (b) ₹ 1,80,000

(c) ₹ 2,40,000 (d) ₹ 36,000

(12) આવકવેરાની કલમ 234B હેઠળ વ્યાજ ________ ના કિસ્સામાં લાગુ પડે છે.

(a) આવકવેરા રિટર્ન ભરવામાં કસૂર

(b) અગાઉથી ચુકવવાપાત્ર કરવેરો ભરવામાં કસૂર

(c) અગાઉથી ચુકવવાપાત્ર કરવેરાની હપ્તાની ચુકવણીમાં વિલંબ

(d) મૂળ સ્થાનેથી કર-કપાત (TDS) અથવા મૂળ સ્થાનેથી કર-એકત્રિત કરવામાં કસૂર

Seat No. : ______________

# MA-105

**March-2025**

**M.Com., Sem.-III**

**501 (New) : Taxation – 1**

**(Personal Tax Planning)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. Mr. Mohan Chandan is a citizen of Bangladesh, born in Dhaka in the year 1972. He has been regularly visiting India every year since last 10 Years including P.Y. 2023-2024. Assume that during last 10 years, he would have visited India during the following months : **14**
   (a) September, October and November
   (b) October, November and December
   (c) September, October, November & December
   Decide his Residential Status for A.Y. 2024-2025 in above three options.
   From Tax Planning point of view, which of the above options is the best ?

**OR**

1. (A) Explain the difference between Tax Avoidance and Tax Evasion. **7**
1. (B) Explain in detail the difference between Old Regime and New Regime of Income Tax calculation applicable for FY 2023-2024 with the help of example. **7**

2. From the following information of Mr. Raju Vadgama, calculate his taxable Income from salary and the deduction available under Section 80C and advise him to adopt old income tax regime or new income tax regime for the AY. 2024-2025 : **14**
   (1) Basic Salary after deduction of Income-tax of ₹ 20,000 and employee's contribution to Recognized P.F. equal to 15% of Basic Salary is ₹ 4,90,000.
   (2) Dearness Allowance : 60 % of Basic salary (50% of which is for retirement benefit)
   (3) Bonus : two months' salary.
   (4) Commission : ₹ 500 per month.
   (5) Children Education Allowance : ₹ 200 per month, per child (for three children)
   (6) The employer has provided him a residential accommodation (in Bangalore) whose fair rental value is ₹ 5,000 p.m. Furniture costing ₹ 1,00,000 also provided by the employer.

(7) The employer has also given him a motor car worth ₹ 5,00,000 having more than 1600 cc, for personal as well as official use.

(8) He has paid ₹ 2,400 as professional tax and ₹ 30,000 as Life Insurance Premium.

(9) Employer's contribution to recognized P.F. is equal to Mr. Vadgama's contribution.

**OR**

2. (A) Mr. Aabid Pirzada constructed a residential house in the year 2019. 50% portion of the house is let-out and 50% portion is used as self-residence. The portion of self-residence is also given on rent for four months. The details of house are as under : **10**

| | | |
|---|---|---|
| (1) | Municipal valuation | 5,80,000 |
| (2) | Municipal Taxes | 20,000 |
| (3) | Ground Rent Payable | 2,400 |
| (4) | Repairs – Plumbing work | 2,000 |
| (5) | Fire Insurance Premium | 4,400 |
| (6) | Society Annual Maintenance | 12,000 |
| (7) | Rent of 50% portion as given on let-out | 32,000 p.m. |
| (8) | Rent of residential portion given on rent for four months | 20,000 p.m. |
| (9) | Interest on Loan taken for Construction | 1,20,000 |

Calculate taxable Income of Mr. Aabid Pirzada from House-property for A.Y. 2024-2025.

2. (B) Explain the provisions of Gratuity and Pension as applicable for FY 2024-2025. **4**

3. Shri Aakash Varule provides following particulars of his capital assets for the Previous Year 2024-2025 : **14**

| **Particulars** | **Residential House** | **Urban Land** | **Jewellery** |
|---|---|---|---|
| Date of Transfer (sale) (Expected) | 01/01/2025 | 10/10/2024 | 15/07/2024 |
| Sales price (₹) | 40,00,000 | 61,20,000 | 13,60,000 |
| Transfer expenses (₹) | 1,89,900 | 39,100 | – |
| Date of purchase | 01/06/2001 | 20/09/2019 | 01/01/2017 |
| Purchase price (₹) | 6,00,000 | 5,52,000 | 3,00,000 |
| Purchase expenses (₹) | 1,00,000 | 30,000 | – |
| Repairs expenses incurred on 31/07/2008 | 41,000 | – | – |
| Purchase of new house (₹) | 50,00,000 | – | – |
| Date of purchase of new house (Expected) | 20/02/2025 | – | – |

Relevant cost inflation index are as under : 2001-02 = 100, 2008-09 = 137, 2016-17 = 264, 2017-18 = 272, 2019-20 = 289, 2022-23 = 331, 2023-24 = 348 & 2024-25 = 363.

Calculate taxable capital gain for A.Y. 2025-26 and advise him how the maximum exemption can be availed under the Income Tax Act from Tax Planning point of view.

**OR**

3. Dr. Haard Shah owns a Surgical Hospital at Ahmedabad. He gives you following information pertaining to the financial year 2023-2024 : **14**

| | | | ₹ |
|---|---|---|---|
| **(1)** | **Receipts at the hospital** | | **₹** |
| | (1) | Consultation charges | 14,00,000 |
| | (2) | Operation charges | 47,00,000 |
| | (3) | Hospital income (gross) | 5,50,000 |
| | (4) | Net surplus in supply of drugs-medicines. | 80,000 |
| | (5) | Gifts (in cash) from patients | 1,20,000 |
| **(2)** | **Payment during the year :** | | |
| | (1) | Income-tax paid (Advance tax & TDS for PY 2023-2024) | 12,20,000 |
| | (2) | Hospital expenses | 25,00,000 |
| | (3) | Personal expenses | 1,50,000 |
| | (4) | Car Maintenance & Depreciation (1/4 is allowed) | 6,00,000 |
| | (5) | Purchase of Surgical Machine (through bank loan) | 6,00,000 |
| | (6) | Paid to Public Provident Fund | 1,50,000 |
| | (7) | Travelling expenses | 1,50,000 |
| | (8) | EMI towards bank loan for Surgical Machine (₹ 2,00,000 + Interest) | 2,28,000 |
| | (9) | L.I.C. Premium | 60,000 |

(3) L.I.C. premiums are paid for self ₹ 30,000, for his son ₹ 10,000 and for his wife ₹ 20,000.

(4) Travelling expenses included ₹ 30,000 for family pilgrimage and ₹ 1,20,000 towards his exclusive business promotion tour to foreign countries.

(5) His son & his wife both are M.B.B.S. & attend hospital work regularly and each is paid salary of ₹ 30,000 per month, which is included in hospital expenses.

(6) Allowable depreciation charges on Hospital Building & Equipment ₹ 90,000.

Compute his taxable Professional income and deduction u/s 80C. Also calculate his tax liability under old & new regime for PY 2023-2024.

4. (A) Mr. Rajnikant Amin holds the following securities as on 1st April, 2023 : **10**

(1) 1,00,000/- 10% Non-listed Debentures of M/s. Float Engineering Ltd. (Date of Interest 1st June & 1st December every year)

(2) 2,00,000/- 8% Debentures of Patel Air-Tempt. Ltd. (Date of Interest 15th June & 15th December)

(3) 10,00,000/- 6% Gujarat Government Loan. (Date of Interest 1st January)

(4) 3,00,000/- 6.5% Central Government Loan (Date of Interest 1st July)

(5) 20,000/- 9% Tax-free National Relief Bonds. (Interest date is 1st June)

(6) 1,00,000/- 5.75% RECL Bonds.

(7) Apart from above securities, as on 1st July, 2023, he has borrowed ₹ 2,00,000/- @ 8% p.a. and invested in Non-listed Rajasthan Govt. loan, Securities of Punjab Government and Non-listed debentures of Ashutosh Mercantile Ltd. and receives ₹ 3,000/-, 7,000/- and 9,000/-, respectively as interest as on 31st March, 2024.

- On 16th June, 2023, he sold 2,00,000/- 8% Debentures of Patel Air-Tempt. Ltd. and on 1st November, 2023, he sold 50,000/- 10% Non-listed Debentures of M/s. Float Engineering Ltd.
- He has paid 1.5% commission to bank for collecting Net amount of interest on securities.

Determine taxable income from other sources of Mr. Rajnikant Amin for AY 2024-2025.

4. (B) Write a short note on : Advance Payment of Tax. **4**

**OR**

4. (A) In case of Mr. Krushnavadan Khuman, you are required to compute the interest u/s 234A, 234B & 234C from the following details for AY 2024-2025 : **10**

Tax on total income ₹ 2,00,000.

Due date for filing the return 30-9-2024;

Actual date of filing the return 1-10-2024 and

Tax paid on 25-9-2024 ₹ 2,00,000

4. (B) Write a short note on : Power of Chief Commissioners to waive Interest. **4**

5. Attempt the following Multiple-Choice Questions : (Any **Seven**) **14**

(1) Income tax is levied by _________.

(a) Local Authority (b) State Government

(c) Central Government (d) All of the above

(2) Income earned and received from business in India but the business is managed from abroad is taxable income for ___________.

(a) Ordinarily Resident only

(b) Resident but not Ordinarily Resident only

(c) Non-Resident only

(d) All of the above

(3) "The tax payer plans his income-tax obligation in such a way that he can get maximum advantage of all the provisions of Income-tax law." It is known as _________.

(a) Tax Planning (b) Tax Evasion

(c) Tax Avoidance (d) Tax Management

(4) Commission received by a director who is also an employee of the same company is assessed as _________.

(a) Income from other sources

(b) Salary Income

(c) Profits and gain from Business and Profession

(d) Capital Gain

(5) Mr. Satyam Gajjar has taken housing loan as on $10^{th}$ February, 2014. In the year 2021, he has taken additional loan for repairing. What would be the maximum permissible amount of deduction of Interest under the head Income from House Property ?

(a) ₹ 2,00,000 & ₹ 30,000 (b) ₹ 30,000 & ₹ 30,000

(c) ₹ 1,50,000 & ₹ 30,000 (d) ₹ 1,50,000 & ₹ 2,00,000

(6) Under the head of Income from house property, the unrealized rent is deducted from :

(a) Annual Rent (b) Fair Rent

(c) Net Annual Value (d) Gross Annual Value

(7) During the FY 2023-2024, gold as a capital asset, held for more than ________ is considered as Long-term capital asset.

(a) 36 months (b) 12 months

(c) 24 months (d) 60 months

(8) Under the head of Capital Gain, for claiming exemption under section 54B, the new agricultural land should be purchased _________.

(a) within 1 year from the date of transfer

(b) within 2 years from the date of transfer

(c) within 3 years from the date of transfer

(d) within 4 years from the date of transfer

(9) Interest on Low tax Government securities is _________.

(a) fully Exempted
(b) partly Taxable Partly Exempted
(c) fully Taxable
(d) None of the above

(10) Which of the following tax/taxes are allowable on actual payment basis while computing profits and gains from business & profession ?

(a) Goods and Service Tax
(b) Custom Duty
(c) Excise Duty
(d) All of the above

(11) Total estimated tax liability of Mr. Hitendra Shah for FY 2024-25 is ₹ 2,40,000. What will be his advance tax liability in 2nd installment ?

(a) ₹ 1,08,000
(b) ₹ 1,80,000
(c) ₹ 2,40,000
(d) ₹ 36,000

(12) Interest under section 234B is applicable in case of _________.

(a) Default in furnishing Income Tax Return

(b) Default in payment of Advance Tax

(c) Deferment in payment of installment of advance tax

(d) Default to deduct or to collect any Tax at Source (TDS)